ગાંધીનગર સમાચાર

# વડાપ્રધાને નાના માણસને બેંક દ્વારા જન ધન ખાતા ખોલીને જોડયા, લાભાર્થીના ખાતામાં નાણા સહાય સીધી પહોંચે છે : ગજેન્દ્ર સિંહ

## બેંકે વિશ્વાસ મૂકીને લોન આપી છે જે હેતુ માટે લોન આપી છે તેમાં જ નાણાનો ઉપયોગ કરજો : સાંસદ દિપસિંહ રાઠોડ

બાયડ તા.૨૯

સાબરકાંઠા વહીવટીતંત્રને રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો દ્વારા સ્વામિનારાયણ મંદિર કાંકરોલ ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત લીડ બેંક બેંક ઓફ બરોડા દ્વારા સરકારી યોજના તથા ખાનગી લોન આપવા માટે સાબરકાંઠા જિલ્લામાં મેગા ક્રેડિટ આઉટ રીચ કાર્યક્રમ અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતોના રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લામાં ૩૧૧ કરોડનું વિવિધ યોજનાઓમાં ધિરાણ લાભાર્થીઓને આપવામાં આવ્યું હતું. જેમાં ૨૦ જેટલા લાભાર્થીઓને ટોકન રૂપે મંજૂરી પત્રો તથા ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. રૂ. દસ હજારથી માંડીને ૯ કરોડ થી વધુની લોન સહાય આપવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગામડાના નાનામાં નાના માણસને બેંક સુધી જનધન ખાતા ખોલીને આવતા કર્યા છે અને નાણાકીય લેવડદેવડ માટે જોડ્યા છે અને તેમના ખાતામાં સીધાં નાણાં જમા કર્યા છે. ગામડાના દરેક ઘરમાં બેંકની પાસબુક પહોંચતી કરી છે. સરકાર પોતે ગેરંટી સાક્ષી બની છે, લોન અપાવે છે અને બેંકના કર્મચારીઓને ધન્યવાદ આપું છું અને શાહુકારોના ચુંગાલમાંથી મુક્ત કર્યા છે. અને ઓછા વ્યાજે લોન આપીને જનતાની સેવા કરી છે સૌ લોકો બેંકની યોજનાનો લાભ લે નાના માણસને રૂ. ૧૦-૨૦ હજારની લોનનું ખૂબ મહત્વ છે અને જે લોન લો છો તેના હેતુ માટે જ તેનો ઉપયોગ કરે લગ્ન કે ગાડી લેવા માટે આ નાણાંનો ઉપયોગ ન




કરી રોજગારી સર્જન માટે ઉપયોગ કરે અને આપ ધંધા-રોજગારમાં પ્રગતિ કરો અને નવા વર્ષની પૂર્વે હાર્દિક શુભકામના પાઠવું છું.

આ પ્રસંગે સાંસદશ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કેન્દ્ર અને રાજ્ય સરકારના ગરીબ લોકોના ઉધ્ધાર માટે અનેક યોજના બનાવી છે જેવી કે મુદ્રા લોન યોજના, અટલ પેન્શન યોજના, કિસાન સન્માન નિધિ, કિસાન ક્રેડિટ કાર્ડ તમારા પર બેંકે વિશ્વાસ મૂક્યો છે તે તૂટવો જોઈએ નહીં અને લોન સમયસર ભરપાઈ કરવા અપીલ કરું છું. આપે મહેનત કરવી પડશે તો જ પ્રગતિ થશે અને સફળ થવાશે. સૌને દીપાવલીની એડવાન્સમાં શુભેચ્છા પાઠવું છું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ કરે છે તે અંતર્ગત વિવિધ યોજનાકીય લાભો આપવાની શૃંખલા યોજી છે તે પૈકીનો આજનો કાર્યક્રમ લોકોની રોજગારી સર્જનમાં મહત્વનો બની રહેશે. બેંકો અને વહીવટી તંત્ર દ્વારા અવાર નવાર મીટીંગ કલેક્ટરશ્રી ના અધ્યક્ષ સ્થાને બેઠક મળે છે તેમાં પરામર્શ થાય છે. ડી. એલ. સી. સી. મિટિંગમાં જુદા જુદા પેરામીટર ધિરાણ અને એન. પી.એ.ની ચર્ચા થાય છે. સાબરકાંઠામાં ડિપોઝિટ ખૂબ સારી છે બેક્ર મિત્રો દ્વારા વધુ માં વધુ લોકો સરકારી યોજનાઓનો લાભ ઉઠાવે અને આત્મનિર્ભર તરફ આગળ વધે તેવી અપીલ કરું છું.

આ પ્રસંગે જનરલ મેનેજર બેંક ઓફ બરોડા શ્રી કમલેશભાઈ ચૌધરી દ્વારા કાર્યક્રમની રૂપરેખા અને સ્વાગત પ્રવચન કરી ધિરાણ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આપ હોશિયાર, સમજદાર, જવાબદાર બનો તેવી લાભાર્થીઓની અપીલ કરી હતી. આજે રૂ. ૩૧૧ કરોડનું માતબર લોન ધિરાણ સાબરકાંઠામાં આપવામાં આવ્યું છે બેક્ર દ્વારા ૧૬થી ૩૦ ઓક્ટોબર ૨૦૨૧ સુધી ખાસ ઝુંબેશ હાથ ધરીને અર્થતંત્રને મજબૂત કરવાનો પ્રયાસ કરાયો છે. કોરોના મહામારીમાં લોકોના ધંધા રોજગાર બંધ પડ્યા છે તેવા સમયે આ ધિરાણ એક શક્તિનો સ્ત્રોત બની રહેશે. સમગ્ર સાબરકાંઠામાં વિવિધ જનસુરક્ષા યોજનાઓમાં ૧૫ હજારથી વધુ વ્યક્તિઓની નોંધણી કરવામાં આવી છે.

આ પ્રસંગે મંત્રી શ્રી ગજેન્દ્ર પરમાર દ્વારા સ્વામિનારાયણ મંદિર ખાતે દર્શન કર્યા હતા અને સ્વામિનારાયણ સંતો દ્વારા તેમનું ફૂલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો ત્યારબાદ મમતા દિવ્યાંગ શાળા છાપરીયાના વિધાર્થિઓ દ્વારા પ્રાર્થના રજુ કરાઈ હતી. આ પ્રસંગે જિલ્લાના સફળ રોજગાર વ્યક્તિઓનું ડોક્યુમેન્ટરી દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મફત રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેગા ક્રેડિટ કાર્યક્રમમાં સાંસદ શ્રીદિપસિંહ રાઠોડ જિલ્લા સહકારી કો. ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી મહેશભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, બેંક.ઓફ.બરોડા જનરલ મેનેજર અને કન્વીનર એસ. એલ બી.સી ગુજરાતના શ્રી મહેશ બંસલ, ડાયરેક્ટર નાણાકીય સંસ્થાના ગુજરાત સરકાર શ્રી બી.વાય.વી સત્યનારાયણ, જનરલ મેનેજર રાજકુમાર મહાવત સહિત વિવિધ બેંકના મેનેજર શ્રીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજના વાઘપુર ગામે દુકાન આગળથી સરકારી અનાજ ભરેલો ટેમ્પો ઝડપાયો

## ઘઉની ૬૭ બોરી પોલીસે જપ્ત કરી

મેઘરજ તા.૨૯

મેઘરજ ના વાઘપુર ગામે એક અનાજની દુકાન આળગ થી સરકારી અનાજ ભરેલો ટેમ્પો ઈસરી પોલીસે જડપી પાડી સરકારી અનાજ સગેવગે કરનાર સંચાલક વિરૂધ્ધ ઈસરી પોલીસે પંચનામુ બનાવી મામલતદાર મેઘરજ ને રીપોર્ટ મોકલતાં ભ્રષ્ટાચાર આચરતા



દુકાનદારોમાં ફફડાટ વ્યાપ્યો છે મેઘરજ તાલુકાના જામગઢ ગામે દિનદયાળ સસ્તા અનાજની દુકાનના સંચાલક ગૌતમ કમજી મનાત એ રાહતના ઘઉં બી.પી.એલ કાર્ડ ધારકોને આપવાના હોયછે તે બારોબાર ટેમ્પામાં કોથળા ભરી ખાનગી રીતે જસવંત દેવચંદ પટેલ ની વાઘપુર ગામની દુકાને વેચવા માટે આવ્યોહતો ઈસરી પોલીસ બાતમીના આધારે વાઘપુર ગામે જસવંત પટેલની દુકાને જતાં ત્યાં હાજર શખ્સો પોલીસને જોઈ ભાગી છુટ્યા હતા પોલીસે ટેમ્પામાં તપાસ કરતાં ઘઉના કોથળા ઉપર ગવર્મેન્ટ ઓફ પંજાબ લેબલ વાળા સરકારી રાહતના ઘઉ ભરેલ જણાતાં કુલ.૬૭ નંગ કોથળા વજન ૩૩૫૦ કીલો જેની કી.રૂ.૧૦.૦૫૦ તેમજ ટેમ્પો જી.જે.૦૯.વાય.૬૫૨૨ જેની કીંમત રૂ.૨. ૦૦૦૦૦ કુલ મળી રૂ. ૨.૧૦.૦૫૦ ના સાથે મુદ્દામાલ જડપાયો હતો જે બાબતે ઈસરી પોલીસે પંચનામુ કરી આગળની કાર્યવાહી કરવા મેઘરજ મામલતદારને રીપોર્ટ મોકલાયો હતો.

## જન્મદિને વધામણી



મેહુલ ભાઈ આર.પટેલ
ગાંધીનગરઃ, બાયડ



અર્જુન સુથાર
આકૃંદ તા.ધનસુરા



સાવન વિનુભાઈ પટેલ (મુખી)
બાયડ જી.અરવલ્લી



દક્ષેશભાઈ જયસ્વાલ
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, બાયડ
સાઠંબા તા. બાયડ

રક્તદાન મહાદાન

# ટોરડા હાઈસ્કૂલમાં મતદાન જાગૃતી કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૯

મતદાન જાગ્રૃતી અભિયાન અંતર્ગત પૂર્ણ પુરૂષોતમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહા પ્રભુની સોહમણી સંત માયામાં ચમકતા તેજસ્વી સિતારા સમાન સમર્થ સંતવર્ય અક્ષરમૂર્તિ યોગીરાજ સદગુરૂ શ્રી ગોપાળાનંદ કે જેમને સાળંગપુર રાજા શ્રી કષ્ટભંજન દેવની પ્રતિષ્ઠા કરી હતી.તેમની જન્મ ભૂમિ ટોરડામાં



શિક્ષણનું કાર્ય કરતી શ્રી નવજીવન વિદ્યાલયમાં તા.૨૮/૧૦/૨૦૨૧ ને ગુરૂવારે આગામી સમયમાં આવનાર લોકશાહીના મહાપર્વમાં મતદાન જાગ્રૃતી અંગે શાળામાં વિવિધ રંગોળી પૂરી સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. જાગો હે ભારત દેશના મતદારો જાગો...મતદાન એ મહાદાન છે.મતદાન કોઈના પ્રભાવમાં નહી,કોઈના અભાવમાં પણ નહી પણ મતદાન આપના સ્વ-ભાવથી કરો,આ સિવાય શાળાના આચાર્ય પિનાકીન પટેલે લોકશાહીનો સાચો અર્થ , પવિત્ર મતદાન , સર્વદાનો માં શ્રેષ્ઠદાન, સ્વચ્છ ભારતની કલ્પના માટે સૌની જવાબદારી છે. મત આપવાની આ સિવાય રંગોળી આપણા જીવનમાં સકારાત્મક ઊર્જાનું સંચાર કરે છે. જેથી મન પ્રસન્ન અને આનંદીત બને છેં તેની અસર સ્વાસ્થ્ય પર પડવાથી માનસિક અને આધ્યાત્મિક શાંતિની અનુભૂતિ થાય છે.સમગ્ર કાર્યક્રમની જવાબદારી યુવાન અને ઉત્સાહી શિક્ષક ડી.એમ.રૂપાલીએ લીધી હતી.

# મહેસાણાના વિજાપૂર તાલુકાના હિરપૂરામાં સાબરમતી નદી પર રૂ. ૨૧૪ કરોડના ખર્ચે સાકાર થનારા બેરેજનું ખાતમૂર્હત

મહેસાણા, તા. ૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ખેડૂતો એ સરકારની પ્રાથમિકતા છે અને હંમેશા રહેવાના છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંઘર્ષ કરીને નર્મદા યોજના પૂર્ણ કરાવી અને તેમના દ્રષ્ટિવંત આયોજનથી સુકા, અછતવાળા વિસ્તારો હરિયાળા બન્યા છે. મુખ્યમંત્રીશ્રીએ મહેસાણા જિલ્લાના વિજાપૂર તાલુકાના હિરપુરા ખાતે સાબરમતી નદી બેરેજ નિર્માણ અન્વયે રૂ. ૨૧૪ કરોડના અંદાજિત ખર્ચે ૩.૪૭ મિલીયન ઘનમીટર સંગ્રહ ક્ષમતાના આકાર પામનારા હિરપૂરા બેરેજનું ખાતમૂર્હત સંપન્ન કર્યુ હતું. આ યોજના પૂર્ણ થવાથી વિજાપૂર તાલુકાના બે અને હિંમતનગર તાલુકાના ૪ ગામોના ૩૨૦૦ હેકટર વિસ્તારને સિંચાઇ સુવિધા મળતી થશે. મુખ્યમંત્રીશ્રીએ આ બેરેજના ખાતમૂર્હત ઉપરાંત મહેસાણા જિલ્લાના વિવિધ વિકાસ પ્રકલ્પોના ઇ-ખાતમૂર્હત અને લોકાર્પણ કર્યા હતા.

નવસારીના સાંસદશ્રી અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટિલ, આરોગ્ય અને જળસંપત્તિ મંત્રી ઋષિકેશ પટેલ,



જિલ્લા પ્રભારી રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તેમજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ આ અવસરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે નરેન્દ્રભાઇની દીઘર્દ્રષ્ટિ દરેક નિર્ણયોમાં આપણે જોવા મળી રહી છે. નરેન્દ્રભાઇએ પર્યાવરણ સંરક્ષણ આયોજનના ભાગરુપે વર્ષો પહેલાં ગુજરાતમાં કલાયમેન્ટ ચેંજનો અલાયદો વિભાગ શરુ કરેલો ત્યારે કોઇને કલ્પના નહોતી કે કલાયમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા સામે દુનિયાને નરેન્દ્રભાઇનું આ કદમ માર્ગ ચિંધશે. ભૂપેન્દ્ર પટેલે એમ પણ કહ્યું કે, ખેડૂતોને પૂરતું પાણી મળ્યું છે હવે પ્રાકૃતિક ખેતી તરફ વિશેષ ઝોક આપી લોકોને રાસાયણિક ખાતર મુક્ત અને વધુ સ્વાસ્થ્યપ્રદ ખોરાક અને અન્ન આપવાની દિશા લેવાની છે. આ સરકાર ખેડૂતો, ગ્રામીણ લોકો, નાનામાં નાના માણસને પડતી મુશ્કેલીઓ ત્વરાએ નિવારવા સંકલ્પબદ્ધ છે. તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ લોકોની રજૂઆતોનો ઝડપથી ઉકેલ આવે અને તેમને યોગ્ય મદદ અને સહાય મળે તેવા જનહિત અભિગમથી કર્તવ્યરત રહેવા તંત્રવાહકોને તેમણે અનુગ્રહ પણ કર્યો હતો.

## નવી ચલણી નોટોને કોરોનાનું ગ્રહણ

# ધનતેરસે રૂપિયા પૂજન : જિલ્લાની બેન્કોમાં રૂા.૧૦-૨૦ની કડકડતી ચલણી નોટો ગ્રાહકોને મળતી નથી

## કેટલીક બેન્કોમાં બારોબાર વહીવટ થયાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજાનું ખાસ મહત્વ હોય છે ત્યારે જિલ્લાની બેન્કોમાં રૂા.૧૦-૨૦ની નવી ચલણી નોટ ન મળતાં અનેક ગ્રાહકો ધુંઆપુંઆ થઈ




ગયા છે. એક રીતે નવી ચલણી નોટોને કોરોનાનું ગ્રહણ જ લાગ્યું હોય તેવી સ્થિતી છે તો કેટલીય બેન્કોમાં વગ ધરાવનારાઓ માટે બારોબાર વહીવટ થયાની આશંકા પણ સેવાઈ રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની રાષ્ટ્રીયકૃત અને કો.ઓપ. બેન્કોમાં નવી ચલણી નોટના બંડલ લેવા માટે ગ્રાહકો વારંવાર ધક્કા ખાઈ રહ્યા છે પરંતુ નવી નોટોના બંડલ આવ્યા નથી તેવા જવાબ સાંભળવા મળ્યા છે.

દર વર્ષે દિપાવલી પર્વ દરમ્યાન આર.બી.આઈ. દ્વારા ગ્રાહકોને નવી ચલણી નોટોના બંડલ મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે પરંતુ આ વર્ષે નવી ચલણી નોટોને કોરોનાનું ગ્રહણ નડ્યું હોય તેમ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની મોટાભાગની બેન્કોમાં નવી ચલણી નોટોના બંડલ આવ્યા નથી તેવા જવાબ મળવા લાગ્યા છે તો પછી આર.બી.આઈ. દ્વારા જે તે બેન્કોને નવી ચલણી નોટોના બંડલ આપ્યા તે શું બારોબાર ઘર કરી ગયા..?? કે પછી બેન્કોના જવાબદારોએ માત્ર માલેતૂજારોને જ સાચવ્યા છે..?? તેવા ખુલ્લા આક્ષેપ શરૂ થયા છે. કોરોનાએ પ્રજાને પાયમાલ કરી છે તેવા આરોપ વચ્ચે નવી ચલણી નોટો માટે બેન્કોમાં બજાર કરતાં પણ વધુ ભીડ આશ્ચર્ય ફેલાવી રહી છે.

## પાલનપુરની ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત

# બનાસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં જટિલ ગણાતી સમસ્યાઓનો ઓપરેશન સફળતાપૂર્વક કરાતા પ્રજામાં ખુશાલી

પાલનપુર તા. ૨૯

પાલનપુર ખાતે ફરજ બજાવતા વિવિધ તબીબો જટીલથી જટીલ ગણાતી વિવિધ બીમારીઓની સફળ સારવાર કરી રહ્યા છે. તાજેતરમા પાલનપુરના માલણ દરવાજા પાસે રહેતા ૭૨ વર્ષીય હસમતમીયા કુરેશી નામના પેશન્ટ ગત ૧ ઓક્ટોબરના રોજ જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે દાખલ થયા હતા.

જનરલ હોસ્પીટલ પાલનપુર ખાતે દર્દીના વિવિધ રિપોર્ટ કર્યા પછી ડોકટરો દ્વારા ૪ ઓક્ટોબરના રોજ દર્દીના આંતરડાની હોજરીની બાયપાસ નિઃશુલ્ક સફળ સર્જરી કરીને દર્દીને નવજીવન આપ્યું છે તથા આજે તારીખ ૧૪ ઓક્ટોબરના રોજ દર્દીને સ્વસ્થ કરીને હોસ્પીટલમાંથી



રજા આપવામાં આવી છે.તો આ પ્રસંગે પેશન્ટ અને તેમના પુત્ર સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે તેઓ આ બીમારીમાં અસંખ્ય પીડા થઈ રહી હતી તથા પ્રાઈવેટ હોસ્પીટલમાં વિવિધ ૬ ડોકટરોને બતાવતા તેમણે દર્દીના જીવનું જોખમ કહીને હાથ અધ્ધર કર્યા હતા તથા ૨ થી ૨.૫૦ લાખ રૂપિયાનો ખર્ચ થવાનું અનુમાન લગાવ્યું હતુ. છેવટે તેમણે બનાસકાંઠા જીલ્લાની મોરપીંછ સમાન જનરલ હોસ્પિટલમાં સારવાર લેવાનું નક્કી કર્યું હતુ તથા અહીં તેમની મફત સારવાર કરવામાં આવી છે.. આ સાથે તેમણે પૂર્વ આરોગ્યમંત્રી અને વર્તમાન બનાસ ડેરીના ચેરમેન માન. શ્રી શંકરભાઈ ચૌધરી, બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ માન. પી.જે. ચૌધરી અને જાણીતા તબીબ યુરોલોજિસ્ટ ડોક્ટર સુનીલ જોશી સહીત વિવિધ ડોકટર અને મેડીકલ ટીમનો આભાર માનીને ખુશી વ્યક્ત કરી હતી.. અહી નોધનીય છે કે જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ તથા આ સિવાય પણ વિવિધ યોજનાઓ અંતર્ગત જીલ્લાના જરૂરીયાતમંદ દર્દીઓની નિશુલ્ક સારવાર કરવામાં આવી રહી છે.

## ધનસુરા તાલુકાના લાલીનો મઠ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો

ધનસુરા તાલુકાના લાલીનો મઠ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ




એ લાભ લીધો હતો સરકારની યોજનાઓના લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નોના તત્કાલ નિકાલ માટે ૮ થી ૧૦ ગામો ના કલસ્ટર માં દર અઠવાડિયે સેવા સેતુ કાર્યક્રમ યોજાવાના છે ત્યારે ધનસુરા ના લાલીનો મઠ ગામે સાતમાં તબક્કા માં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં લાભાર્થીઓ એ વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ લીધો હતો.મોટી સંખ્યામાં લાભાર્થીઓ એ ઉપસ્થિત રહી આ લાભ લીધો હતો આ કાર્યક્રમ માં અધિકારીઓ,પદાધિકારીઓ, ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્યના નવા પ્રમુખની આજે પસંદગી

## આંજણા યુવક મંડળની વાર્ષિક સાધારણ સભા આજે મહેસાણા યોજાશે

હિંમતનગર તા.૨૯

આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્યની વાર્ષિક સાધારણ સભા આજે બપોરે ૨-૦૦ કલાકે મહેસાણા ખાતે યોજાશે આ વાર્ષિક સાધારણ સભામાં આંજણા યુવક મંડળના તમામ પ્રાથમિક સભ્યો, હોદ્દેદારો, પૂર્વ પ્રમુખશ્રીઓ એ ઉપસ્થિત રહેવું જરૂરી છે એમ પ્રમુખ રાજુભાઇ ચૌધરીએ જણાવ્યું હતું આંજણા યુવક મંડળની વાર્ષિક સાધારણ સભા સિલીકોન વેલી, બીજો માળ, વન-ટેન હોટલ નો ઉપરનો માળ,એસઆર પેટ્રોલ પંપ ની સામે, માનવ આશ્રમ, મહેસાણા-વિસનગર રોડ, મહેસાણા ખાતે યોજાશે આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્યની આ વાર્ષિક સભામાં વર્ષ ૨૦૨૧/૨૦૨૨ના વર્ષના પ્રમુખ સહિત અન્ય હોદ્દેદારો ની વરણી કરવામાં આવશે.ગુજરાતભરના આંજણા સમાજ ના યુવાનોને સંગઠીત કરવા માટે આંજણા યુવક મંડળ સતત પ્રયત્નશીલ રહ્યું છે બદલાતા સમયની સાથે મંડળ ની પ્રવૃતિ માં રચનાત્મક ફેરફાર અનિવાર્ય છે ત્યારે તમામ હોદ્દેદારોએ ખાસ ઉપસ્થિત રહીને પોતાની ફરજ અદા કરવી જરૂરી છે એમ પ્રમુખ રાજુભાઇ ચૌધરીએ જણાવ્યું હતું.




હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત, લૉ કોલેજ તથા જિલ્લા જેલ, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે 'આઝાદીકા અમૃત મહોત્સવ' અનુસંધાને અધિક પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરના માર્ગદર્શન હેઠળ જિલ્લા જેલ, હિંમતનગર ખાતે કેદીઓને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજના કા. પ્રિન્સિપાલ ડો બિનલબેન પટેલ તથા પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો. વૈદેહીબેન પંડ્યા તથા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કેદીઓને કાયદાકીય માર્ગદર્શન તેમજ તેમના હક્કો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં જેલના ઈ.ચા અધિકારી પી. જે. ચાવડા તથા જેલર આર.એસ ડામોર ઉપસ્થિત રહીને હૃદય પૂર્વક આભાર માન્યો હતો.